ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૩.૦ ડીગ્રી
લઘુતમ : ૧૦.૪ ડીગ્રી
ભેજ
સવારે ૬૪ ટકા ● સાંજે ૨૮ ટકા
ગાંધીનગર તાપમાન

કડી વિશ્વ વિદ્યાલયના વિદ્યાર્થીઓ રાષ્ટ્રીય યુવા સંસદમાં રાજયકક્ષાએ મોખરે

ગાંધીનગર, તા.૧૦

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત અને કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બીપી.કોલેજ ઓફ બિજનેસ એડમીનીસ્ટ્રેશન કોલેજના એનએસએસ યુનિટના વિદ્યાર્થીઓએ રાષ્ટ્રીય યુવા સંસદમાં ભાગ લીધો હતો જેમાં ત્રણ રાઉન્ડમાં યોજાનાર યુવા સંસદમાં દરેક જિલ્લામાંથી બે વિદ્યાર્થીઓને રાજ્ય કક્ષાએ સ્પર્ધા માટે મોકલવાના રહેશે. કડી સર્વ વિશ્વવિદ્યાલય યુનિવર્સિટીના પ્રેસિડેંટ વલ્લભભાઈ એમ પટેલ દ્વારા વિજેતા અને સ્પર્ધામાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા. કોલેજના આચાર્ય ડો.રમાકાંત પૃષ્ટિ તેમજ ઉપાચાર્ય ડો.જયેશ તન્ના એ તમામ વિદ્યાર્થીઓને શુભેચ્છા સહ અભિનંદન પાઠવ્યા છે. યુનિવર્સિટી એનએસએસ વિભાગના કો-ઓર્ડિનેટર ડો.રણછોડ રથવી તેમજ પ્રો.અંજલિ પટેલ દ્વારા વિદ્યાર્થીઓને પણ વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી.નહેરુ યુવા કેન્દ્રના ગાંધીનગર જિલ્લાના સંયોજક પંકજભાઈનું માર્ગદર્શન વિદ્યાર્થીઓને ગાંધીનગર સાથે સાથે અન્ય જિલ્લાઓમાં પણ સાંપડ્યું હતું. જેનાથી વિદ્યાર્થીઓ સારી રીતે અને વધુ સંખ્યામાં ભાગ લઈ શક્યા.જે અન્વયે ગાંધીનગર જિલ્લામાં પસંદગી પામેલ બન્ને વિદ્યાર્થીઓ પ્રથમ ક્રમે ગ્રીષ્માં મેઅર પ્રથમ તેમજ અરવલ્લી જિલ્લામાં ક્રિષી પટેલ પ્રથમ ક્રમે તથા ગાંધીનગર જિલ્લામાં સાગર પ્રધનાની દ્વિતીય ક્રમે રહ્યા હતા, દેવભૂમિ દ્વારકા જિલ્લાની સ્પર્ધામાં સોનગેલા ધારા દ્વિતીય ક્રમે,સુરેન્દ્રનગર જિલ્લામાં ગૌરવ ઝવેરી દ્વિતીય ક્રમે, મિતરાજસિંહ ઝાલા મોરબી જિલ્લામાં દ્વિતીય ક્રમે, ધ્રુવ દરજી સાબરકાંઠા જિલ્લામાં દ્વિતીય ક્રમે જેઓ કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બીબીએ કોલેજના વિદ્યાર્થીઓ છે. જેઓએ ઉપરોક્ત સ્થાન પ્રાપ્ત કરી તેઓએ પોતાના જિલ્લાનું તેમજ કોલેજ તેમજ યુનિવર્સિટી અને તેઓના પરિવારને ગૌરવ આપાવ્યું છે, દેશના પ્રધાનમંત્રીએ ૩૧મી ડિસેમ્બર, ૨૦૧૭ના રોજ મન કી બાત કાર્યક્રમમાં જણાવ્યુ કે "મને એક વિચાર આવ્યો કે શું આપણે ભારતના દરેક જિલ્લામાં મોક પાર્લામેન્ટનું આયોજન કરી શકીએ? જ્યાં ૧૮ થી ૨૫ વર્ષની વયના યુવાનો સાથે બેસીને નવા ભારત વિશે ચર્ચા- વિચારણા કરી શકે. જે ઉદેશ્ય ને ધ્યાનમાં રાખી ઉપરોક્ત કાર્યક્રમનું આયોજન થયું હતું.

જિલ્લા યુવા સંસદ ૨૦૨૨-૨૩માં નીચેના વિષયો ઉપર ચર્ચા યોજાઇ હતી તેમાં સ્વસ્થ્ય સુખાકારી યુવાઓની કાર્યસૂચિમાં, સ્કિલ ડેવલોપમેન્ટ યુવાઓને સશકત કરવાની ચાવી, અને સોશિયલ મીડિયા યુવાઓના પરિપેક્ષ્ય માં વિષય પર સ્પર્ધાનું આયોજન થયું હતું.

આચાર્યશ્રી ડો.રમાકાંત પૃષ્ટિ ઉપાચાર્ય ડો.જયેશ તન્ના પ્રોગ્રામ ઓફિસર ધર્મેન્દ્રસિંહ રાઠોડ તેમજ સમગ્ર કોલેજ પરિવાર દ્વારા વિદ્યાર્થીઓ ને શુભેચ્છાઓ સહ અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. અને તેઓને જિલ્લા સ્તરે તેમજ ઉત્કૃષ્ટ પ્રદાન માટે અભિનંદન પાઠવ્યા હતા.

જન્મદિને વધામણી

સરોજબેન કેતનકુમાર પટેલ
મો. ૬૩૫૨૦ ૮૭૯૨૩

કુસુમબેન જોષી
લાયન્સ ક્લબ, ફેમીના

ધવલસિંહ અરવિંદસિંહ વાઘેલા
મો. ૯૯૨૫૫૯૮૨૭૩

કિશિવ ધવલ ત્રિવેદી
મો. ૯૮૭૯૧૬૯૭૬૩

દિપેશ સંજયભાઈ વાળંદ
સાઠંબા

ડો.અભિષેક વિજયભાઈ ભટ્ટ

સ્વામિનારાયણ ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી ખાતે હેકાથોનમાં દસ સંસ્થાઓ જોડાઈ

ગાંધીનગર, તા.૧૦

ગુજરાત રાજ્ય દ્વારા આઝાદી કા અમૃત મહોત્સવ હેકાથોન ૨૦૨૨ સ્પર્ધા ખુલ્લી મુકવામાં આવેલ છે. આ સ્પર્ધામાં રાજયના સરકારી વિભાગો, કચેરીઓ અને ઉધોગો તરફથી ૭૮૩ જેટલા પ્રોબ્લેમ્સ સ્ટેટમેન્ટ આપવામાં આવેલ છે. જે પૈકી સરકારના વિવિધ વિભાગોના ૧૫૨, સરકારી કચેરીઓના ૪૮૯ અને ઉદ્યોગોના ૧૪૨ પ્રોબેલ્મ સ્ટેટમેન્ટ મળેલ છે. હેકાથોન ૨૦૨૨માં ૩૫૫૪ ટીમે રજીસ્ટ્રેશન, ૨૮૪૬ ટીમે પ્રોબ્લેમ સ્ટેટમેન્ટ સિલેક્શન, અને ૨૦૮૮ ટીમે સારાંશ સબમિટ કરેલ હતો. જેના વિવિધ રાઉન્ડ અંતર્ગત પસંદગી પામેલી ટીમમાં ગ્રાન્ડ ફિનાલે સ્વામિનારાયણ ઈન્સ્ટિટયૂટ ઓફ ટેકનોલોજી ભાટ, ગાંધીનગરમાં યોજવામાં આવી હતી. જેમાં રાજયની ૧૦થી વધુ સંસ્થાઓમાં સતત ૩૬ કલાક આ ટીમો દ્વારા અવિરત કામગીરી કરવામાં આવશે. હેકાથોન ૨૦૨૨ના ગ્રાન્ડ ફિનાલેના ઉદ્ઘાટન સમારોહમાં ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન સ્થાયી કમિટીના ચેરમેન જશુભાઈ પટેલે વિશેષ ઉપસ્થિતિ આપી હતી. આ પ્રસંગે મંચસ્થ મહાનુભાવોમાં સત્સંગ શિક્ષા પરિષદના ટ્રસ્ટી શાસ્ત્રી રામપ્રકાશ સ્વામી, સંસ્થાના ડાયરેક્ટર ધર્મેશ વંડરા, પ્રિન્સિપાલ ડો. એચ એચ વંડરા તથા શ્રી સ્વામિનારાયણ પોલિટેકનિકના પ્રિન્સિપલ ભાવિક શાહે વિશેષ ઉપસ્થિતિ આપી અને દીપ પ્રાગટ્ય બાદ હેકાથોન ગ્રાન્ડ ફિનાલેને ખુલ્લુ મુકવામાં આવ્યું હતું. કુલ ૪૯ ટીમ કે જે સરકારી વિભાગો દ્વારા આપવામાં આવેલ ઈન્ડસ્ટ્રીયલ પ્રોબ્લેમને સોલ્વ કરવા માટે સતત ૩૬ કલાક તારીખ ૧૦ ફેબ્રુઆરીએ સવારે ૧૦ વાગ્યા થી ૧૧ ફેબ્રુઆરી સાંજે ૫:૦૦ વાગ્યા સુધી કામગીરી કરશે જેમાંથી ફાઇનલ વિજેતા ટીમ રાજ્ય સ્તરે નક્કી કરવામાં સરકાર દ્વારા આવશે. આ કાર્યક્રમ ભારત સરકારના જી-૨૦ ઉપક્રમે તેમજ ભારતના આઝાદીકા અમૃત મહોત્સવ અંતર્ગત ગુજરાત રાજ્ય દ્વારા હેકાથોન ગ્રાન્ડ ફિનાલે ૨૦૨૨નાં ઉદઘાટન પ્રસંગે મહાનુભાવોએ વિશેષ ઉપસ્થિત રહી ભાગ લીધેલ દરેક ટીમને બિરદાવી હતી તેમજ ગુજરાત સરકારના વિવિધ વિભાગોના અધિકારીઓ હાજર રહ્યા હતા.

સરકારી પોલીટેકનિક ખાતે હેકાથોન સ્પર્ધામાં ૫૦ જેટલી ટીમો જોડાશે

ગાંધીનગર, તા.૧૦

સરકારી પોલીટેકનિક ખાતે આઝાદીકા અમૃત મહોત્સવ અંતર્ગત હેકાથોન-૨૦૨૨નો ગ્રાઉન્ડ ફિનાલે રાઉન્ડ સરકારી પોલીટેકનિક ગાંધીનગર તા.૧૦ અને ૧૧ માર્ગના રોજ યોજાનાર છે. આ સ્પર્ધામાં રાજયભરમાંથી ૫૦ ટીમો જેમાં અંદાજિત ૨૫૦ વિદ્યાર્થીઓ તેમજ વિષય નિષ્ણાંતો, ઔદ્યોગિક એકસપર્ટ વગેરે મળી કુલ ૪૫૦ લોકો ભાગ લેનાર છે.

સમર્પણ સાયન્સ એન્ડ કોમર્સ કોલેજ ખાતે કારકીર્દી માર્ગદર્શન સેમિનાર

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત સમર્પણ સાયન્સ અને કોમર્સ કોલેજમાં ધોરણ ૧૧ના વિદ્યાર્થીઓ માટે કરિયર કાઉન્સિલિંગ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં તેઓને સાયન્સ વિષયમાં કઈ કઈ લાઈનો મળી શકે છે અને સાથે સાથે તેમને મશરૂમ કલ્ટીવેશન દ્વારા એન્ટર પ્રિન્યોર બનવા માટેની માહિતી પણ પૂરી પાડવામાં આવી હતી. તપસ્યા ઈન્ટરનેશનલ સ્કૂલના આશરે ૧૩૦ જેટલા વિદ્યાર્થીઓએ આ પ્રોગ્રામમાં ભાગ લીધો હતો. આ સફળ પ્રોગ્રામનું આયોજન પ્રો ભાવિક પટેલ, પ્રો હીર શાહ તથા ડો માર્ગી ભટ્ટે કર્યું હતું. પ્રોગ્રામનું સફળ સંચાલન કરવા બદલ ટ્રસ્ટી મહેન્દ્રસિંહ વાઘેલા, પ્રિન્સિપાલ ડો રસિક તન્નાએ બિરદાવ્યા હતા.

પંચાલ સમાજ દ્વારા વિશ્વકર્મા જયંતિ ઉજવાઈ

ગાંધીનગર, તા.૧૦

શ્રી વિશ્વકર્મા પ્રભુની જન્મ જયંતિની ઉજવણી બલરામ ભવન પરિષદ હોલ ખાતે ઉજવવામાં આવી હતી. પ્રમુખ સ્થાનેથી પ્રફુલભાઈ પંચાલ, શિષ્યવૃત્તિ દાતા હરજીવનદાસ પંચાલ, રમેશભાઈ પંચાલ, તેજસ્વી વિદ્યાર્થીઓના ઈનામ વિતરણના દાતા ઈશ્વરલાલ હતા. પંચાલ, રજક ચંદ્રકના દાતા તરફથી વિદ્યાર્થીઓને રજક ચંદ્રક અને ઈનામ વિતરણ રાહતદરે ચોપડાઓના દાતાઓને શાલ પુષ્પગુચ્છની સન્માનિત કરાયા હતા. વિશિષ્ટ વ્યક્તિઓને મોમેન્ટો આપી સન્માન કરાયું હતું. ત્યારબાદ કલ્પનાબેન પંચાલે બાળાઓ દ્વારા સ્વાગતગીત રજુ કરી આમંત્રિત મહેમાનોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. સંસ્થાના મંત્રી મણીભાઈ પંચાલે સંસ્થાનો ટુંકમાં પરિચય આપી કાર્યક્રમો વિશે માહિતી આપી હતી. પ્રમુખ ચિમનભાઈ પંચાલે સંસ્થા વિશે માહિતગાર કર્યા હતા.

બાપુ કેમ્પસના વિદ્યાર્થીઓ માટે ઈન્સ્ટ્રીયલ વિઝિટ

ગાંધીનગર, તા.૧૦

શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ એન્ડ કોમર્સ, વાસણ, ગાંધીનગરનાં વિદ્યાથીઓ દ્વારા અમૂલ ડેરી પ્લાન્ટ, ભાટ ખાતે મુલાકાત કરવામાં આવી. જેમાં કોલેજનાં ૫૦ જેટલા વિદ્યાથીઓ અને કૉલેજ નાં અધ્યાપકોને બટર, લસ્સી તથા મિલ્ક પાવડરની બનાવટ વિશે માહિતી આપવામાં આવી હતી. પ્લાન્ટ મેનેજર દ્વારા અમૂલની વિવિધ પ્રોડક્ટની પ્રોસેસિંગ દેખાડવામાં આવી હતી.

ભારત તિબેટ મૈત્રી સંઘ, ધર્મવિહાર તેમજ મહાબોધિ આંબેડકરી મિશન દ્વારા સે-૨૪ બુદ્ધવિહારમાં બૌદ્ધ રાષ્ટ્ર તિબેટની નિર્વાસિત સરકારના પૂર્વ ઉપસભાપતિ આચાર્ય યેસી કુંશુકનું "તિબેટમાં બૌદ્ધ ધર્મ સાહિત્ય અને સંસ્કૃતિનીની દિશા અને દશા" વિશે પ્રવચન આપ્યું હતું. આયોજન ભીખાભાઈ અમીન અને ડો.અમિત જ્યોતિકરે કર્યું હતું.

ગાંધીનગર જિલ્લાનું ગૌરવ

અગ્નિપથ યોજના અન્વયે જિલ્લાના ૧૨ ઉમેદવારો વીર સોલ્જર જનરલ ડ્યુટી અને સોલ્જર તરીકેની આખરી પસંદગી પામી ભારતીય ભૂમિ દળ માં જોડાયા

ગાંધીનગર,શુક્રવાર

અગ્નિપથ યોજના અન્વયે અગ્નિવીર લશ્કરી ભરતી આર્મી રીક્રુટીંગ કચેરી, અમદાવાદ દ્વારા ગુજરાત યુનિવરર્સિટી, સ્પોર્ટ કોમ્પ્લેક્સ અમદાવાદ ખાતે લશ્કરી ભરતી મેળો યોજી, ભરતીરેલી પૂર્વે શ્રમ,કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ ના નિયામક શ્રી રોજગાર અને તાલીમની કચેરી, ગાંધીનગર સંચાલિત જિલ્લા રોજગાર વિનિમય કચેરી ગાંધીનગર દ્વારા ૩૦ દિવસની તાલીમ, વર્ગ અને ૧૫ દિવસીય લેખિત પરીક્ષા માટે બિન નિવાસી તાલીમ વર્ગ યોજવામાં આવી હતી. જેમાં નિવાસી તાલીમ વર્ગના તાલીમાર્થીઓએ આર્મી રેલીમાં ભાગ લીધો હતો. પરિણામ સ્વરૂપે ૧૨ જેટલા ઉમેદવાર મેડિકલ પાસ કરી લેખિત પરીક્ષામાં ઉત્તેર્ણ થઈ વીર સોલ્જર જનરલ ડ્યુટી અને સોલ્જર તરીકેની આખરી પસંદગી થવા પામેલ છે. જેઓ આગામી સમયમાં ભારતીય ભૂમિ દળ માં જોડાઈ પોતાની કારકિર્દી આગળ વધારશે.

આ ઉમેદવારોએ જિલ્લા રોજગાર કચેરી ગાંધીનગર અને સમગ્ર ગાંધીનગર જિલ્લાનું ગૌરવ વધારેલ છે. આ ઉમેદવારોથકી જિલ્લાના યુવાનો પણ પ્રેરણા મેળવી વધુમાં વધુ નવયુવાનો સંરક્ષણમાં જોડાય રાષ્ટ્ર સુરક્ષામાં પોતાનુ યોગદાન આપી ગાંધીનગર જિલ્લા તેમજ સમગ્ર રાજ્યનું નામ રોશન કરે તેવા પ્રયત્ન જિલ્લા રોજગાર કચેરી ગાંધીનગર કરવામાં આવશે.

દંઢાવ્ય છાસઠ પ્રજાપતિ સમાજ આંબલિયાસણ દ્વારા ૩૨મો સમૂહલગ્ન મહોત્સવ યોજાયો

ગાંધીનગર, તા. ૧૦

દંઢાવ્ય છાછઠ પ્રજાપતિ સમાજ, આંબલિયાસણ દ્વારા આંબલિયાસણ મુકામે તા. ૫-૨-૨૩ને રવિવારે ૩૨મો વાયબ્રન્ટ મંગલ સમૂહલગ્નનું આયોજન કરવામાં આવ્યું હતું. અને ૧૧ નવયુગલોના સુખી દાંપત્યજીવનની મહંત મોહનદાસ મહારાજના આર્શીવચનથી શરૂઆત કરવામાં આવી હતી. આ પ્રસંગે સમારંભના અધ્યક્ષ જમનાપુરના કનુભાઈ ભીખાભાઈ પ્રજાપતિ, ઉદ્ઘાટક જોરણંગના પ્રવિણભાઈ મગનભાઈ પ્રજાપતિ તથા વિશિષ્ઠ સન્માનિત મહાનુભાવોમાં મહેસાણાના ધારાસભ્ય મુકેશભાઈ પટેલ, માણસાના ધારાસભ્ય જયંતિભાઈ પટેલ, ગુજરાત પ્રદેશ અખિલ ભારતીય પ્રજાપતિ કુંભકાર મહાસંઘના અધ્યક્ષ મનહરભાઈ ઓઝા, સુરત ઉત્તર ગુજરાત પ્રજાપતિ સમાજના પ્રમુખ કાન્તિભાઈ ઓઝા ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે સંપૂર્ણ ભોજનદાતા ધોળાસણના ડૉ. કેશવલાલ શીવરામ પરિવારના પુત્રો હર્ષદભાઈ, મહેશભાઈ તથા રાજુભાઈએ મહારપ્રસાદ માટે સહયોગ આપ્યો હતો. આ ઉપરાંત સમાજના દાતાઓ દ્વારા આર્થિક સહોયગ અને નવયુગલોને શુકનવંતી ભેટો સાથે શુભેચ્છાઓ પાઠવી હતી.

KEDZEE PRESCHOOL માં વાર્ષિકોત્સવ ની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ચીફ ગેસ્ટ તરીકે CRC CO ભગવતીબેન ઉપસ્થિત રહી બાળકો અને વાલીઓ ને પ્રેરણાદાયી જ્ઞાન પૂરું પાડ્યું હતું.બાળકો એ પણ પ્રોગ્રામ માં ઉત્સાહથી ભાગ લીધો હતો.

ચિરવિદાય

● મુક્તિધામ ●

- **સ્વ.ઠાકોર શકરીબેન ભેમાજી** ઉ.વ.૬૯, મોકમજીના મુવાડા
- **સ્વ.ભટ્ટ સુરેશચંદ્ર પ્રાણશંકર** ઉ.વ.૮૫, ગાંધીનગર
- **સ્વ.રણજીતસિંહ ચંદ્રસિંહ** ઉ.વ.૭૫, ગાંધીનગર
- **સ્વ.નાડીયા પંકજભાઈ બળદેવભાઈ** ઉ.વ.૩૭, વાવોલ
- **સ્વ.પરમાર ચેહરબેન જેસંગભાઈ** ઉ.વ.૮૧, ગોકુલપુરા